# ઘ-૪ પાસે ડાયવર્ઝનના લીધે ટ્રાફિકનો સિનારીયો બદલાયો : સર્વિસ રોડ પર જામ

**ડાયવર્ઝનના અમલથી મુખ્યમાર્ગ પર ત્રણ મહીના સુધી ટ્રાફિક સિનારીયો અલગ રહેશે : આજથી એસટી બસો પણ ઘ-૩ થી ચ-૩ અને ચ-૫ થઇને ઘ-૫ તરફ આગળ વધશે : સે-૧૬ ના સાંકડા સર્વિસ રોડ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ**





ગાંધીનગર તા ૨૦

શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસની કાર્યયોજનાને અનુલક્ષીને હાલ ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે. આજે ડાયવર્ઝનના લીધે નગરના મુખ્યમાર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો હતો. સે-૧૬ તરફ જવાના સાંકડા સર્વિસ રોડ પર એસ ટી ની બસો સહીત વાહનોનો ધમધમાટ રહેતા ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. આગામી ત્રણ મહીના સુધી આ ડાયવર્ઝનના લીધે વાહનોની અવરજવર પ્રભાવિત રહેશે જયારે આજથી એસ ટી ની બસો પણ ઘ-૩ થી ચ-૩ અને ચ-૫ થઈને ઘ-૫ ના રૂટમાં આગળ વધશે.

શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૪ પાસે અન્ડર પાસનુ કામ હાથ ધરાયુ છે. જયારે અન્ડર પાસની કામગીરી અન્વયે પ્રાથમિક તબક્કે સર્કલ અને જરૂરી પસાર થતી લાઈનો દુર કરવાનુ કામ હાથ ધરાયુ હતુ જયારે હવે અન્ડર પાસની કામગીરી આગળ વધતા આ રૂટમાં ટ્રાફિકને પણ આજથી ડાયવર્ઝન અપાયુ છે. જેના લીધ ઘ માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. આજે સવારથી જ ઘ માર્ગ પર ઘ-૪ થી સે-૧૬ :૧૭ ચોકડી સુધી વાહનો માટે નો એન્ટ્રી કરી દેવાતા સે-૧૬ તરફ જવાના સાંકડા સર્વિસ રોડ પર વાહનો દોડતા થયા હતા જો કે ડાયવર્ઝનને અનુલક્ષીને તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી લારી ગલ્લાના દબાણ દુર કરી પાર્કીંગ પ્લેસ ખાલી કરાવી દેવાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની બેઠક દીઠ કુપોષણ મુક્તિ અભિયાન અંતર્ગત પોષણ માસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ૨૫ જાન્યુઆરીથી એક માસ સુધી અર્થાત ૨૮મી ફેબ્રુઆરી સુધી જિલ્લા પંચાયતની તમામ બેઠક દીઠ પોષણ માસના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવશે.

રાજયના મુખ્યમંત્રી ૨૩મીએ દાહોદ ખાતે આ પોષણ માસની ઉજવણીનો આરંભ કરાવશે. કુપોષણ મુક્તિ અભિયાન આ માસની ઉજવણીથી જન આંદોલનનું સ્વરૂપ બને તે દિશામાં સરકારના પ્રયાસો છે.

જિલ્લાકક્ષાએ ૨૫મીથી આ માસના કાર્યક્રમનો આરંભ થશે. જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો છે એટલે જિલ્લામાં ૩૦ સ્થાનોએ આની ઉજવણી કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમ્યાન પોષણ આરતી, અન્નપ્રાશન વિધી, પોષણ અદાલત, પોષણ માટે ''અમૂલ્ય ૧૦૦૦ દિવસ'' ફિલ્મનું નિદર્શન કરાશે. આ ઉપરાંત બાળ તંદુરસ્તી અને વાનગી હરિફાઈ જેવા કાર્યક્રમમાં

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં કુપોષિત બાળકો ૯૭૬૪

ગાંધીનગર જિલ્લામાં એક હજારથી વધુ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. આ આંગણવાડી કેન્દ્રમાં કુપોષિત બાળકોની સંખ્યા ૯૭૬૪ જેટલી છે. જે પૈકી યલો ઝોનમાં ૭૫૪૫ બાળકો આવે છે જ્યારે રેડ ઝોનમાં ૨૨૧૯ બાળકો છે.

જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન માટે સપ્ટેમ્બર માસમાં તત્કાલીન જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા નિવૃત થતાં યોજાયેલ કાર્યક્રમમાં જાહેર થયેલ કુપોષણ બાળકોની સંખ્યા ૪૫૦૦ જેટલા દર્શાવ્યા હતા. આમ જિલ્લામાં કુપોષણની સમસ્યા વકરી રહી છે.

# સેકટર-૬માં બહુમાળી મકાનો બનાવવા ૧૦૦ વૃક્ષો દૂર કરાયા

**૩૦ વર્ષની આયુ ધરાવતા વૃક્ષો દૂર કરાતા પર્યાવરણપ્રેમીઓ અને વસાહતીઓમાં રોષ**



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૬માં બહુમાળી મકાનો બનાવવા માટે એકસો જેટલા વૃક્ષો દૂર કરવામાં આવતાં આખોય મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

સરકારી પ્રા. શાળા નજીકની ખુલ્લી જગ્યામાં ૧૯૯૦-૯૧માં વાવેતર કરાયેલ આ વૃક્ષોનું કટિંગ કરાતાં વસાહતીઓની લાગણી તીવ્ર રીતે ઘવાઈ છે.

મળતી વિગતો પ્રમાણે સેકટર-૬માં ૧૫૦૦ જેટલાં ફલેટો જુના મકાનો તોડી અને બીજી જગ્યા સાથે મળી બનાવવાનું આયોજન છે. આ જે વૃક્ષો કપાયા ત્યાં જ-૨ કેગેટરીના

● અનુસંધાન પાન-૭ પર

# નગરના પાંચ સેકટરોમાં રીંગ રોડને ફોરલેન બનાવવા માટે આયોજન

**સે-૨૧, ૨૨, ૧૧ અને સે-૧૭ તેમજ સે-૭ માં રીંગ રોડ ફોરલેન થશે : વચાળે સેન્ટ્રલ વર્જ પણ અસ્તિત્વમાં આવશે : સેકટરોના માર્ગો પર વાહનોની અવરજવર સરળ અને સલામત બનશે**

ગાંધીનગર તા ૨૦

શહેરના પાંચ સેકટરોમાં રીંગ રોડને ફોરલેન કરવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરી દેવાશે. આ કામગીરી અન્વયે અંદાજિત રૂ ૩૭ કરોડનો ખર્ચ કરાશે. સેકટરોના રીંગ રોડને બન્ને બાજુ સાત મીટર પહોળા કરાશે જયારે માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જ પણ બનશે. જેથી સેકટરોના આંતરિક વિસ્તારમાં વાહનોની અવરજવર પણ સરળ અને સલામત બનશે.

શહેરના મુખ્યમાર્ગો સિકસલેન છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર દિનપ્રતિદિન ટ્રાફિકનુ પ્રમાણ વધી રહ્યુ છે. છેલ્લા ઘણાં સમયથી નગરના મુખ્યમાર્ગો પર વાહનોની અવરજવર વધી છે જેના લીધે હવે ટ્રાફિક સિગ્નલ પણ કાર્યરત કરી દેવાયા છે. પરંતુ હજુ માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને યોગ્ય કરવા માટે ક્રોસ રસ્તા બંધ કરવા માટે નિર્ણય લેવાયો નથી જેના લીધે શહેરમાં ગતિ નિયંત્રણના અભાવે વારંવાર અકસ્માતો થાય છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ટ્રાફિકની અવરજવરના વધતા પ્રમાણ વચ્ચે અકસ્માતોનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે સ્માર્ટ સીટીની કાર્યયોજના અન્વયે નગરના પાંચ સેકટરોના રીંગ રોડને ફોરલેન બનાવવા માટે આયોજન કરાયુ છે. જેમાં સે-૨૧,૨૨, ૧૧ અને સે-૭ ના રીંગ રોડ હાલ ૭ મીટરના છે. જયારે હવે બન્ને બાજુ સાત સાત મીટર અલબત્ત ૧૪ મીટર પહોળા કરાશે. રીંગ રોડને ફોરલેન કરવા સહીત માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જનુ

● અનુસંધાન પાન-૭ પર

# ખેડૂતોને દિવસે વીજળી આપવા સરકાર પ્રયાસ કરશે : સૌરભ પટેલ

ગાંધીનગર, તા.૨૦

કડકડતી ઠંડીને લઈને ખેડૂતોને રાત્રે પાણી વાળવામાં મુશ્કેલી થઈ રહી છે. આથી રાજકોટ ભારતીય કિસાન સંઘ દ્વારા ઉર્જા મંત્રી સૌરભ પટેલને આવેદનપત્ર પાઠવ્યું હતું. અને ખેડૂતોને દિવસ દરમિયાન પણ લાઈટ આપવાની માંગ કરી હતી.આથી સૌરભ પટેલે ખેડૂતોને દિવસે વીજળી આપવા સરકાર પ્રયાસ કરશે તેવું જણાવ્યું હતું. ખેડૂતોને દિવસ દરમિયાન પણ લાઈટ આપવાની માંગ સાથે ભારતીય કિસાન સંઘ દ્વારા રાજકોટના સર્કિટહાઉસ ખાતે ઉર્જા મંત્રી સૌરભ પટેલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. કિસાન સંઘ દ્વારા ઉર્જા મંત્રી પાસે માંગ કરવામાં આવી હતી કે રાત્રિના સમયે જંગલી જાનવરોના ત્રાસનો ભય તથા શિયાળુ પીત સમયે ભારે ઠંડીનો ખેડૂતો સામનો કરી રહ્યા હોય છે ત્યારે ખેડૂતોને દિવસના વીજળી આપવાની કિસાન સંઘે માંગ કરી હતી. બીજી તરફ ઉર્જામંત્રી સૌરભ પટેલે આ અંગે સરકાર વિચારણા કરી રહી હોવાનો દાવો કરીને ઉર્જા ક્ષેત્રે થયેલા કામ ને આગળ કર્યા હતા અને ભવિષ્યમાં ખેડૂતોના હિતમાં સરકાર ચિંતિત હોવાનો દાવો કર્યો હતો. કિસાન સંઘે ચીમકી ઉચ્ચારી છે કે જો સરકાર દિવસે લાઈટ આપવા અંગે તાત્કાલિક ધોરણે કોઈ નિર્ણય નહીં લે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.


હાર્દિક અભિનંદન



શ્રી પરેશભાઈ આર. પટેલ
ડીરેક્ટરશ્રી કૃષક ભારતી કો.ઓ.લી.
(કૃભકો - ન્યુ દિલ્હી)

ગુજરાત રાજ્યના સહકારી આગેવાન
શ્રી પરેશભાઈ આર. પટેલ
ભારત દેશની નામાંકિત રાષ્ટ્રીય અને
આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા
કૃભકો (ન્યુ દિલ્હી)માં
સતત ત્રીજીવાર દસ રાજ્યમાંથી
બિનહરિફ વરણી થવા બદલ
આપશ્રીને અભિનંદન સહ
ખૂબ ખૂબ શુભકામનાઓ....

શુભેચ્છક
● યશસ્વી માર્કેટીંગ ● ઓમ રીમ શ્રીમ્ કોર્પોરેશન-બારેજા
● કૈવલ્યમ્ ગીર ગૌશાળા - ઘરોડા ●
ડીમ્પલભાઈ શાહ
નવલસિંહ ચૌહાણ - સરપંચ,
વસાઈ ગ્રામ પંચાયત, જી. અમદાવાદ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com